

ગુજરાત યુનિવર્સિટી એલિસબ્રિજ ઉત્તર ઝોન વિભાગ દ્વારા આયોજિત યુવક મહોત્સવ ૨૦૧૯ સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના યજમાન પદે ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. આ યુવક મહોત્સવ અંતર્ગત યોજાયેલી સ્પર્ધાઓ પૈકી ટ્રાઈબલ ડાન્સની સ્પર્ધામાં ભાગ લઈને શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થિનીઓએ પ્રથમ વિજેતાપદ મેળવ્યું હતું. રંગોળી સ્પર્ધામાં જ્યોતિ મકવાણા, કાર્ટુનિંગ સ્પર્ધામાં નૂઝરત પટેલ અને પાદપૂર્તિ સ્પર્ધામાં ચિત્રા જાની વિજેતા બન્યાં હતાં.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં ધોરણ-૧ અને ૨ના વિદ્યાર્થીઓના વાલીઓની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વાલીઓએ હાજરી આપી હતી અને બાળકોના વિકાસ અંગે ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓનાં વાચન, લેખન અને ગણનના અભ્યાસમાં ઝડપી સુધારો થાય તે માટે શિક્ષકોએ વાલીઓ સાથે વિશદ ચર્ચા કરી હતી.

બાળકોએ કાલીઘેલી ભાષામાં બોધ આપતાં સુંદર સંવાદો-નાટકો રજૂ કર્યાં હતાં. વાલીઓએ પણ શાળાનાં શિક્ષણ અને પ્રવૃત્તિઓ અંગે પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતા.

### ઍનએઍસીના મૂલ્યાંકનમાં એ પ્લસ ગ્રેડ સાથે

# પિલવાઈ કૉલેજ રાજ્યમાં અવ્વલ



ગાંધીનગર, તા. ૧૦

ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ, પિલવાઈ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શ્રી યુ પી આર્ટ્સ, શ્રીમતી ઍમ જી પંચાલ સાયન્સ ઍન્ડ શ્રી વી ઍલ શાહ કૉમર્સ કૉલેજ, પિલવાઈએ ઍનએઍસી મૂલ્યાંકનની ત્રીજી સાઈકલમાં ૩.૪૫ સીજીપીએ સાથે સમગ્ર ગુજરાતમાં ઍનએઍસીના નવા ફૉર્મેટમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી કમિટીની સાતેય કૅટેગરીમાં ઉત્કૃષ્ટ માર્ક સાથે એ પ્લસ ગ્રેડ મેળવી સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આચાર્ય ડૉ. સંજય શાહે સમગ્ર કમિટીની પ્રક્રિયાના બારીકાઈપૂર્વકના અભ્યાસ સાથે એક અનુકરણીય સફળ નેતૃત્વ પૂરું પાડી સંસ્થાને જ્વલંત સિદ્ધિ અપાવવામાં યશસ્વી ભૂમિકા ભજવી હતી. કૉલેજના સંચાલક મંડળના હોદ્દેદારો, અધ્યાપકો, સ્ટાફ, વિદ્યાર્થીઓ, વાલીઓ અને પૂર્વ વિદ્યાર્થીઓ સહિત સમગ્ર કૉલેજ પરિવારે સુંદર ટીમવર્કથી સખ્ત પરિશ્રમ કર્યો હતો.

૫ અને ૬ સપ્ટેમ્બર એમ બે દિવસ દરમિયાન ઍનએઍસીની પીઅર ટીમ દ્વારા સંસ્થાની મુલાકાત લઈ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ટીમમાં ચિત્રકૂટની જેઆરઍચ હૅન્ડીકેપ્ટ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. યોગેશચંદ્ર દુબેએ ચેરપર્સન તરીકે, મુંબઈ યુનિવર્સિટીના પૂર્વ રજિસ્ટ્રાર ડૉ. કૃષ્ણમૂર્તિ વેંકટરમણીએ મૅમ્બર કો-ઓર્ડિનેટર તરીકે અને ગોવાની કૉમર્સ ઍજ્યુકેશન કૉલેજના આચાર્ય ડૉ. ઍમ આર પાટીલે મૅમ્બર તરીકે સેવાઓ આપી હતી.

કૉલેજના આચાર્ય ડૉ. સંજય શાહ અને ઍનએઍસી સંયોજક ડૉ. ચિરાગ આચાર્યે સમગ્ર કૉલેજ પરિવારની મહેનતને બિરદાવતાં ટીમ પિલવાઈ કૉલેજને અભિનંદન પાઠવ્યા હતા. ડૉ. શાહે આ સિદ્ધિ તેમના ગુરુ અને સંસ્થાના ધરોહર સમા પૂર્વ આચાર્ય સ્વ. ડૉ. જે ડી તલાટીને સમર્પિત કરી હતી.

## જન્મદિને વધામણી



કોકિલાબેન વિક્રમસિંહ વાઘેલા
મો. ૯૭૨૩૬ ૧૬૭૨૬



કનુભાઈ આઈ દવે
મો. ૯૭૨૩૫ ૪૨૦૪૦



હિમાશી વિજયભાઈ ચૌધરી
મો. ૭૪૮૫૯ ૮૫૦૭૦

# ભાટની શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ખાતે ‘પપ્પા તો આવા જ હોય છે’ નાટક ભજવાયું



ગાંધીનગર, તા. ૯

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી શ્રી સ્વામિનારાયમ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી, ભાટ ખાતે ‘પપ્પા આવા જ હોય છે’ નામક નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થાના ડિરેક્ટર ધર્મેશ વંડરા, હિતેષ વંડરા, ભાવિક શાહ અને બંને કૉલેજના વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓએ ટાઉનહૉલમાં ઉપસ્થિત રહી આ નાટકને માણ્યું હતું. પપ્પા શું હોય છે અને તે પોતાના સંતાનનને કેવી રીતે સાચવતા હોય છે તે બાબત હૃદયસ્પર્શી રીતે આ નાટકમાં રજૂ કરવામાં આવી હતી. પપ્પાના સાચા વ્યક્તિત્વનો દરેક વિદ્યાર્થીને અરીસો બતાવવામાં આવ્યો હતો. નાટકના નિર્માતા ભાવિક શાહ અને ડિરેક્ટર નિશિથ બ્રહ્મભટ્ટ હતા.

ફાધર્સ ડે વર્ષમાં માત્ર એક દિવસ નહીં, પરંતુ દરરોજ આવશે એવો નિર્ધાર વિદ્યાર્થીઓએ આ નાટક જોયા પછી વ્યક્ત કર્યો હતો.

# ઓમ કમ્યુનિકેશન દ્વારા શનિવારથી ‘સંસ્કૃત પર્વ’ની ઉજવણી કરાશે




ગાંધીનગર, તા. ૯

ઓમ કોમ્યુનિકેશન દ્વારા ૧૪થી ૧૮ સપ્ટેમ્બર (શનિવારથી બુધવાર) દરમિયાન સાંજે ૫-૩૦ કલાકે,મિલ ઑનર્સ બિલ્ડિંગ ઓડિટોરિયમ(આત્મા હૉલ), આશ્રમ રોડ, અમદાવાદ ખાતે સંસ્કૃતપર્વ ‘વાગ્માધુરી’નું આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્કૃત ભાષાના પ્રથમ હરોળના સર્જકોનો સચોટ અને વિસ્તારથી પરિચય મળી શકે તે હેતુથી સંસ્કૃત સર્જક અને એમણે સર્જન કરેલ ગ્રંથ વિશે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ અંતર્ગત સંસ્કૃત સર્જક અને ગ્રંથ વિશે સંસ્કૃત ભાષાના પંડિતો અને સંસ્કૃત ભાષાના અભ્યાસી વકતાઓ વ્યાખ્યાન આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક ‘શ્વેત’ કરશે. આ કાર્યક્રમને માણવા માટે કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નથી.

# સરકારી પ્રાથમિક પગાર કેન્દ્ર શાળા ખાતે શિક્ષક દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૦

સરકારી પ્રાથમિક પગાર કેન્દ્ર શાળા, સૅક્ટર-૭ ખાતે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ૨૮ વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષકની જવાબદારી અદા કરી હતી. આચાર્ય તરીકે અમિત ભરતભાઈ મછાર, ઉપાચાર્ય તરીકે રાહુલ શામળભાઈ વાઘેલા અને પટાવાળા તરીકે વિક્રમ તથા અર્જુને ઉલ્લેખનીય કામગીરી બજાવી હતી.

# પર્યાવરણ જાગૃતિ માટે વિદ્યાર્થિનીનું યોગદાન



ગાંધીનગર, તા. ૧૦

રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગરમાં ભણતી બીજા ધોરણની વિદ્યાર્થિની યાશી સિલાવટે શિક્ષક દિવસની ઉજવણીના અવસરે વિશેષ રીતે પર્યાવરણ જાગૃતિને ધ્યાનમાં રાખી માતા પૂજા સિલાવટની સાથે રહી પોતાનાં શિક્ષક હરપ્રીત કૌરને ગુલાબનાં રોપાં અર્પણ કર્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે યાશીના પિતા પણ આવી સરસ પ્રવૃત્તિઓ કરે છે અને ગૂજરાત વિદ્યાપીઠના શારીરિક શિક્ષણ વિભાગમાં અધ્યાપક તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે. તેઓ ૨૦૧૫-૧૬માં રાષ્ટ્રપતિ ડૉ. પ્રણબ મુખર્જીના હસ્તે રાષ્ટ્રીય કક્ષાના ઈન્દિરા ગાંધી બેસ્ટ પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ પણ પ્રાપ્ત કરી ચૂક્યા છે.

# આહિર યુવા ફૉરમ દ્વારા તેજસ્વી તારલા સન્માનાયા





ગાંધીનગર, તા. ૧૦

હોદ્દેદારો વગરની સંસ્થા આહીર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા આહીર સમાજના તેજસ્વી તારલાઓનો ૨૧મો સન્માન તથા સત્કાર સમારંભ ટાઉન હોલ ખાતે ભવ્ય રીતે યોજાઈ ગયો.

કાર્યક્રમની શરુઆતમાં દિપ પ્રાગટ્ય બાદ આહીર સમાજના ધોરણ-૧થી ૧૨ તથા કોલેજ/ યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીઓના ૪૪ તેજસ્વી તારલાઓને શિલ્ડ-પારીતોષિક આપીને સન્માનવામાં આવ્યા હતા. આ ઉપરાંત નવી નિમણુંક તથા બઢતી પામેલા આહીર સમાજના ૨૮ કર્મચારી/અધિકારીઓ તેમજ નિવૃત્ત થયેલા ૪ અધિકારીઓનું પુસ્તક આપીને તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યુ હતું.

સમાજના આગેવાનોએ કરેલ પ્રાસંગિક પ્રવચનમાં આહીર સમાજની પ્રગતિ અને પ્રતિભાને બિરદાવીને ગુણવત્તાયુકત શિક્ષણ પર ભાર મુક્યો હતો. વર્ષ ૨૦૧૯ ના ભોજન દાતા આનંદભાઈ ઝીંઝાલા, ટાઉન હોલ દાતા કાનાભાઈ બૈડીયાવદરા તથા ઈનામ-શિલ્ડના દાતા રાજેશભાઈ નંદાણિયા તેમજ અન્ય મહાનુભાવોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માજી મંત્રી મૂળુભાઈ બેરા તેમજ ધારાસભ્ય ભગવાનભાઈ બારડ હાજર રહ્યા હતા. આ પ્રસંગે સૌરાષ્ટ્રની અસ્મિતાને ઉજાગર કરવા માટે બહેનો દ્વારા અદ્દભુત રાસ તેમજ નાના ભુલકાઓ દ્વારા યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ડાન્સ-સ્પીચની વિવિધ કૃતિઓ રજુ કરવામાં આવી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર તમામને પુરસ્કાર આપીને બિરદાવવામાં આવ્યા હતાં. ભોજન સમારંભ બાદ લોક સાહિત્યકાર રાજભા ગઢવી દ્વારા લોકડાયરો રજૂ કરવામાં આવ્યો હતો.કાર્યક્રમને સફળ બનાવવા માટે ગોવિંદભાઈ આહીર, નારણભાઈ ભોચિયા, રાજસીભાઈ બેરીયા, પરીમલભાઈ મકવાણા તથા નીતેશભાઈ ઝીંઝાલા સહીત સંસ્થાની સમગ્ર ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# એસ. વી. સ્કૂલ ખાતે શિક્ષકદિનની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં શિક્ષકદિનની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. કેમ્પસ સ્થિત એસ.જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલના વિદ્યાર્થીઓ કાર્યકારી શિક્ષકો બનીને એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં આવ્યા હતા. અને સમગ્ર દિવસ દરમિયાન શાળાનું શિક્ષણકાર્ય અત્યંત નિષ્ઠાથી નિભાવ્યું હતું તથા એસ.વી. પ્રિ-સ્કૂલના બાળકોને શિક્ષકદિનનું મહત્વ સમજાવ્યું હતું. શાળાના પ્રિન્સિપાલ જિજ્ઞા દર્પણ બુચે તમામ કાર્યકારી શિક્ષકોને શિક્ષણજગતની ગતિવિધિઓથી માહિતગાર કરી, જ્ઞાનના સ્તોત્ર એવા શિક્ષકોનું આપણાં જીવનમાં મહત્વ સમજાવી, તેમને આદર આપવાની શીખ આપી હતી તથા તેમને યાદગીરી ભેટ આપી એસ. જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનાં આચાર્ય સલીનાબેન પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# આઈઆઈટીઈ દ્વારા બે દિવસીય યુવક મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન દ્વારા બે દિવસ માટે કલાકુંજ ૨૦૧૯ નું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સીટી અંતર્ગત આવતી ગુજરાતની ૨૦ ડાએટ કોલેજના વિદ્યાર્થીઓ એ આ યુથ ફેસ્ટિવલમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. યુવક મહોત્સવની આ વખતની થીમ “કલાકુંજ ૨૦૧૯” રાખવામાં આવી હતી, આ થીમ રાખવા પાછળનો મુખ્ય આશય ગુજરાતની ઉભરતી અને દરેક જિલ્લાની અલગ અલગ પ્રતિભાઓ એક જ સ્ટેજ ઉપર એકત્રિત થઈ અને એક બીજાની સંસ્કૃતિથી અવગત થાય તથા સાચા અર્થમાં કલા અને સંસ્કૃતિનો ઘડો ભરાય તે હતો.

કલાકુંજ ૨૦૧૯નો પ્રારંભ નિવૃત્ત સનદી અધિકારી અને જાણીતા કવિ ભાગ્યેશ ઝા, જીસીઈઆરટીના નિર્દેશક ટી. એસ. જોષી તથા કુલપતિ હર્ષદ પટેલની ઉપસ્થિતિમાં થયો હતો. ભાગ્યેશ ઝાએ તેમના પ્રારંભિક પ્રવચનમાં જણાવ્યું હતું કે શિક્ષકે તેની સંસ્કૃતિને ભૂલવી જોઈએ નહિ. તેમણે ભવિષ્યમાં નવી ટેકનોલોજી સાથે સંસ્કૃતિને એકરૂપ કરી અને સારા શિક્ષક બનવા માટે વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડી હતી. કુલપતિ તેમના પ્રારંભિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, આ યુવક મહોત્સવમાં જુદા જુદા પ્રદેશમાંથી આવેલા વિદ્યાર્થીઓની કૃતિઓ જોવા મળશે, એટલે અહીં સંસ્કૃતિનું એક્ચ્યુલ ડેમોગ્રાફિક ડિવિડન્ટ જોવા મળશે. યુવક મહોત્સવમાં વિદ્યાર્થીઓને પોતાની કળાને પરફોર્મ કરવા માટે નું એક પ્લેટફોર્મ આપવામાં આવે છે જે તેમને ભવિષ્યમાં વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે કમ્યુનિકેશન કરવામાં પણ મદદ રૂપ થશે.

કલાકુંજ ૨૦૧૯ના પ્રથમ દિવસે શાસ્ત્રીય સંગીત, વેસ્ટર્ન સોલો, ગ્રુપ સોન્ગ, કલે મોડલિંગ, નાટ્ય સ્પર્ધા, ડાન્સ, મિમિક્રી, માઈમ અને સ્પોટ ફોટોગ્રાફી જેવી કુલ ૨૫ જેટલી ઈવેન્ટ્સ તથા બીજા દિવસે પોસ્ટર મેકિંગ, મહેંદી, રંગોળી ઉપરાંત સાહિત્યિક સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.